# તસ્બીહે શવ્વાલુલ મોકર્રમ

لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ سُبْحٰنَكَ اِنِّيْ كُنْتُ
مِنَ الظّٰلِمِيْنَ ۝

**લા ઇલાહા ઇલ્લા અન્તા સુબ્હાનકા ઇન્ની કુન્તો મીનઝ ઝાલેમીન.**

(અય અલ્લાહ) તારા સિવાય કોઇ ખુદા નથી. તું પાક છે. હું ઝુલ્મ કરનારાઓ માંથી હતો.

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં એકવીસમી સુરત "સુરતુલ અંબિયા" માં હ.યુનુસ (અ.સ.) ની ઝિક્ર કરે છે. આપ અલ્લાહના પસંદીદા બંદા હતા અને એક કૌમને તરફ તૌહીદનો પૈગામ લઈને હિદાયત વાસ્તે નબી બનાવીને મોકલવામાં આવા હતા. અલ્લાહતઆલાએ આપને "ઝુન્નૂન" ના પ્યારા લકબથી કુરઆનમાં યાદ ફરમાવેલા છે, સબબ કે *આપે મચ્છીના પેટમાં રહીને અલ્લાહથી મદદ અને ઈસ્તેગાસા તલબ કીધો અને ઈસ્તિગફાર તેમજ પોતાની ખતાની મઆફી વાસ્તે દુઆ કીધી.* જે વક્ત યુનુસ નબીની દાઅવતે તૌહીદને કૌમના લોગોએ કુબૂલ ન કીધી તો આપ ગુસ્સામાં આવી ગયા અને આપની કૌમને એના હાલ પર છોડીને ચાલા ગયા અને દરિયાઇ મચ્છીના પેટના અંધારામાં આપે નિદા કીધી કે "લા ઈલાહા ઈલ્લા અન્તા....... ઝાલેમીન." આપની આ દુઆ અને તસ્બીહ અલ્લાહની બારગાહમાં મુસ્તજાબ થઈ અને અલ્લાહે આપને આ મુસીબતના ગમથી નજાત બખ્શી અને એ જ મિસ્લ અલ્લાહ મુમેનીનને પણ હમ-ગમથી નજાત બખશશે.

નૈનવા શહેરની બુતપરસ્ત કૌમ તરફ યુનુસ (અ.સ.) પૈગામે તૌહીદ લઈને મોકલવામાં આવા. રસ્તાને દરમ્યાન નદી આવી તો આપે આપના દિકરાને ખભા પર લઇ લીધા અને આપના બૈરોનો હાથ પકડીને નદી પાર કરવા લાગા. અચાનક દિકરો આપના ખભા પરથી ફીસલી ગયો અને એને બચાવવાની કોશિશમાં બૈરોનો હાથ પણ છુટી ગયો. આપનો દિકરો અને બૈરો બેવે નદીના તેઝ બહાવમાં વહી ગયા. મગર દિકરો બચી ગયો અને તે દૂર નદીના કિનારા તક પહોંચો અને આપે જોયું કે દિકરા પર એક વાઘે હમલો કીધો અને તેને ફાડી ખાધો. આ અલમનાક હાદેસાથી આપને ઘણો સદમો પહોંચો મગર આપે સબ્ર કીધો.

અલ્લાહના ફરમાનથી યુનુસ નબીએ આપની કૌમને અલ્લાહની તૌહીદ તરફ દાઅવત કીધી પણ એ લોગો આપનો તેમજ આપની દાઅવતનો મઝાક-મસ્ખરી કરવા લાગા, આપને પાગલ અને મજનૂન કહેવા લાગા, આપની કોઇ વાત તેઓએ ધ્યાન પર લીધી નહી. આપ તે કૌમ પર ઘણા ગુસ્સે થયા અને અલ્લાહ નઝદીક તેઓ વાસ્તે બદ-દુઆ કીધી, અને કૌમને છોડીને ચાલા ગયા. આપના જાવા બાદ કૌમ ઘણી પરેશાન થઈ અને અલ્લાહના નબી સાથે બદસુલૂકી અને નબીના કલામની બેહુરમતી અને બેઇઝઝતી કરવા પર પસ્તાવો કરવા લાગી. કૌમના તમામ લોગોએ તેઓના આ બદઅમલ વાસ્તે તૌબા કીધી, અલ્લાહથી મઆફી માંગી અને પોતે જ બધા મંદીરો-બુતખાનાને તોડી નાખા. તૌહીદનો ઈકરાર કરી ફક્ત અલ્લાહને નઝદીક પોતાના સરોને ઝુકાવવા લાગા. કૌમના આ અમલથી અલ્લાહતઆલાએ તેઓને બખ્શી દીધા અને અઝાબને રદ કરી દીધો. યુનુસ નબી અલ્લાહના આ અમરથી નારાઝ થયા, સબબ કે જે કૌમ વાસ્તે અઝાબ નાઝિલ થાવો જોઈએ તેઓને અલ્લાહે બખ્શી દીધા હતા.

આ પૂરા કિસ્સાનો બાતેની અને તાવીલી પહેલૂ અને તેનું બયાન ઘણું દરાઝ અને ગહેરૂ છે. તેથી કારેઈન વાસ્તે ઝાહેરી બયાન પર જ આ કિસ્સાને મુખ્તસર કરવામાં આવો છે. યુનુસ (અ.સ.) આપની કૌમથી છુટા થયા પછી એક સફીના-હોલકામાં દરિયાઈ સફર કરવા વાસ્તે બેસા. થોડા જ વક્તમાં હોલકું ડગમગાવવા લાગું તો હોલકામાં બેસેલા લોગો એ કહ્યું કે, આપણામાંથી જ કોઈ ગુનાહગાર છે, એટલે આપણા હોલાકાની આ હાલત થઈ. હોલકાના કપ્તાને કહ્યું કે, બધાના નામની ચિઠ્ઠીઓ બનાવી કુર્રાઅંદાઝી કરવામાં આવે તેમાં જેનું નામ નીકલે તે શખ્સ ગુનાહગાર છે અને તે ફૌરન દરિયામાં કૂદી પડે. જે વક્ત ચિઠ્ઠીઓ ફેંકવામાં આવી તો તેમાં યુનુસ નબીનું નામ નીકલું. આપ દરિયામાં કૂદી પડા અને એક મોટી મચ્છી આપને ગીલી ગઈ. આપ ત્રણ દિન તક મચ્છીના પેટમાં રહ્યા અને આપે પોતાની ખતા અને ગુનાહનો એઅતેરાફ કીધો, પોતાના હાલ પર ઘણા નાદિમ અને પરેશાન થયા. અલ્લાહ ની તસ્બીહ-તહલીલ કરીને પોતાની ઝાત પર કીધેલા ઝુલ્મનો ઈકરાર કરીને "લા ઈલાહા ઈલ્લા અન્તા" ની દુઆ કીધી. ***આપ ત્રણ અંધારામાં ગિરફતારે બલા હતા અને તે ઝોલોમાત (અંધારા) માં યુનુસ નબીની દુઆ મુસ્તજાબ થઇ, (૧) રાતનું અંધારું (૨) દરિયાનું અંધારુ અને (૩) મચ્છીના પેટનું અંધારું.*** ત્રણ દિન બાદ મચ્છી દરિયા કિનારા પર આવી અને તેના પેટમાં જે કંઇ હતું, તે તમામ ઓકી દીધું. યુનુસ નબીને દોબારા એક નવી ઝિંદગી નસીબ થઈ, દરિયા કિનારે આપના વાસ્તે કોલાનું એક દરખ્ત ઉગું જેથી આપને જમવાનું, રહેવાનું અને પહેરવાનું મયસ્સર થયું. તે બાદ અલ્લાહતઆલા એ તે નાફરમાન કૌમને બદલે આપને બીજી ઇતાઅતગુઝાર ફરમાઁબરદાર કૌમના સરદાર બનાવા અને આપની દાઅવતને મઝબૂત કીધી.

સઅદ બિન અબી વકાસથી રિવાયત છે કે, એક વક્ત રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) એ લોગોને કહ્યું કે, "અય એહલે મજલિસ, ભલા મેં તમને ઈસ્મુલ્લાહિલ આઅઝમ ન બતાવ! જેના વસીલાથી કોઇ શખ્સ દુઆ કરે તો અલ્લાહ એને જવાબ આપે જ અને કઇ પણ સવાલ કરે તો અલ્લાહ એને બખ્શે જ. આ ઈસ્મુલ્લાહિલ આઅઝમ યુનુસ નબીની દુઆ છે, જેના સબબ એ ત્રણ અંધારાથી છુટા, એ છે "લા ઈલાહા ઈલ્લા અન્તા....... ઝાલેમીન"." આ સાંભલીને એક શખ્સે અરઝ કીધી કે, યા રસૂલુલ્લાહ! શું આ દુઆ ફક્ત યુનુસ નબી વાસ્તે જ છે કે તમામ મુમેનીન વાસ્તે પણ? આપે (સ.અ.વ.વ.) ફરમાવું કે, "તમામ મુમેનીન વાસ્તે પણ છે. આ આયત તો ઈસ્મે આઅઝમ છે જેના પઢવાથી મુમેનીન આફતો બલાથી નજાત હાસિલ કરે છે." ચંદ રિવાયતોમાં છે કે, "અર્રહમાનિર રહીમ", "અલ-હય્યુલ કય્યુમ", "બદીઉસ્સમાવાતે વલ અર્ઝ" પણ ઈસ્મે આઅઝમ છે. ★